ગુજરાત બટાકાનું કેન્દ્ર બન્યું : મોદી

ગ્લોબલ પોટેટો કોન્ક્લેવમાં સંબોધન : મોટાભાગના બટાકા નિકાસકારો ગુજરાતમાં સ્થિત : મોદીનો ધડાકો

ગાંધીનગર,તા.૨૮

પ્રધાનમંત્રીએ આજે વીડિયો કોન્ફરન્સ મારફતે ગુજરાતનાં ગાંધીનગરમાં ત્રીજા

વૈશ્વિક બટાટા સંમેલનને સંબોધન કર્યું હતું. અગાઉ બે ત્રીજા વૈશ્વિક બટાટા સંમેલનનું આયોજન વર્ષ ૧૯૯૯ અને વર્ષ ૨૦૦૮માં થયું હતું. આ કોન્ક્લેવનું આયોજન ઈન્ડિયન પોટેટો એસોસિએશન (આઈપીએ) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ, નવી દિલ્હી અને આઈસીએઆર-સેન્ટ્રલ પોટેટો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, શિમલા અને ઈન્ટરનેશનલ પોટેટો સેન્ટર (સીઆઈપી), લિમા, પેરુ સાથે જોડાણમાં કરે છે. દુનિયાભરનાં વૈજ્ઞાનિકો, બટાટાનાં ખેડૂતો અને અન્ય હિતધારકો વૈશ્વિક બટાટા સંમેલનમાં એકમંચ પર આવે છે અને આગામી થોડાં દિવસોમાં ખાદ્ય પદાર્થો અને પોષક દ્રવ્યોની માગ સાથે સંબંધિત મહત્ત્વપૂર્ણ પાસાં પર ચર્ચા કરે છે. આ સંમેલનને સંબોધન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ત્રીજા સંમેલનની મુખ્ય વાત એ છે કે બટાટા સંમેલન, કૃષિ નિકાસ અને પોટેટ ફિલ્ડ ડે એકસાથે ઉજવવામાં આવે છે. તેમણે એવું પણ જણાવ્યું હતું કે, ફિલ્ડ ડે નાં દિવસે ૬,૦૦૦ ખેડૂતો ખેતરમાં જાય છે એ પ્રશંસનીય બાબત છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ત્રીજુ વૈશ્વિક બટાટા સંમેલન ગુજરાતમાં યોજાયુ એ મહત્ત્વપૂર્ણ બાબત છે, કારણ કે ગુજરાત બટાટાનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં દેશનું ટોચનું રાજ્ય છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે છેલ્લાં ૧૧ વર્ષમાં ભારતમાં બટાટાનાં વાવેતર વિસ્તારમાં આશરે ૨૦ ટકાનો વધારો થયો છે, ત્યારે આ જ ગાળામાં ગુજરાતમાં એમાં આશરે ૧૭૦ ટકાનો વધારો થયો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ માટે મુખ્યત્વે નીતિગત

પહેલો અને નિર્ણયો જવાબદાર છે, જે રાજ્યને આ દિશામાં દોરી જાય છે. રાજ્યમાં વાવતેર માટે ફુવારા અને ટપક સિંચાઈ પદ્ધતિ જેવી કૃષિની અદ્યતન પદ્ધતિઓનો ઉપયોગ થાય છે, અહીં કોલ્ડ સ્ટોરેજની શ્રેષ્ઠ સુવિધાઓ છે અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સાથે સારું જોડાણ ધરાવે છે.

તેમણે જણાવ્યું હતું કે, અત્યારે ગુજરાત રાજ્યમાં મોટી પોટેટો પ્રોસેસિંગ કંપનીઓ ધરાવે છે અને મોટા ભાગનાં બટાટાનાં નિકાસકારો ગુજરાતમાં સ્થિત છે. એના પરિણામે દેશમાં રાજ્ય બટાટાનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, એમની સરકારે વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનાં લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, જે માટે ઝડપથી પગલાં લઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતો અને સરકારી નીતિનો સુભગ સમન્વય થવાથી ભારત દુનિયામાં ઘણી દાળ અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓનાં ઉત્પાદનમાં ટોચનાં ૩ દેશોમાં સ્થાન ધરાવે છે.

બટાકા ઉત્પાદનમાં અદ્યતન પાક પદ્ધતિની જરૂર : રૂપાણી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલી ગ્લોબલ પોટેટો કોન્ક્લેવ-૨૦૨૦નો પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે કહ્યું કે બટાટાના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે. તેમણે એમ પણ ઉમેર્યું કે, બટાટાની કુલ ૪ લાખ ટનની નિકાસમાં ગુજરાત એકલું ૧ લાખ ટન જેટલો હિસ્સો આપે છે. વિજય રૂપાણીએ જણાવ્યું કે, વિશ્વમાં બદલાતી જતી ખાન-પાન પદ્ધતિ અને પ્રોસેસ્ડ ફૂડની વધતી માંગ સામે બટાટા ઉત્પાદનમાં વેલ્યુએડીશન અને અદ્યતન પાક પદ્ધતિની જરૂરિયાત આવશ્યક છે. આ સંદર્ભમાં તેમણે એવો વિશ્વાસ વ્યકત કર્યો કે, વિશ્વના વિવિધ દેશોના બટાટા ઉત્પાદકો-પ્રોડયુસરોનું આ ગ્લોબલ કોન્કલેવમાં થનારૂં વૈચારીક આદાન-પ્રદાન ઉપયુકત બની રહેશે. મુખ્યમંત્રીએ ગુજરાતમાં યોજાઈ રહેલી આ કોન્કલેવ રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ છે તેમ સ્પષ્ટપણે જણાવતા ઉમેર્યું કે, અગાઉ માત્ર શાકભાજી તરીકે ઉપયોગમાં લેવાતા બટાટામાંથી હવે ફ્રેન્ચ ફ્રાઈસ, પોટેટો ચિપ્સ, કયુબ્સ ગ્રેન્યુઅલ જેવી વસ્તુઓ પણ બનતી થવાથી વેલ્યુએડીશન ગ્લોબલ માર્કેટ મળ્યું છે.

અમીરગઢના વિરમપુર પંચાયતમા સરકારની ૨૧ જેટલી યોજનાઓની કામગીરી શરૂ કરાઈ

ટાઢોડી-ચિકણવાસ-વિરમપુર ગામના લોકોને ઘરે બેઠા સરકારી યોજનાઓનો લાભ અપાવવાની પહેલ વિરપુરમાં (બનાસકાંઠા) આદિજાતિ જન વિકાસ ઝુંબેશ અંતર્ગત વિરમપુર ગ્રામપંચાયત કચેરી ખાતે સરકારશ્રીની ૨૧ જેટલી વિવિધ યોજના સાથે પંચાયતમાં જ ત્રણ ગામોના લોકોને આધારકાર્ડ કઢાવવાની સાથે કામગીરી ચાલુ કરવામાં આવી છે.

આદિજાતિ જન વિકાસ ઝુંબેશ અંતર્ગત વિરમપુર ગ્રામપંચાયત કચેરી ખાતે સરકાર શ્રી વિવિધ યોજના પૈકી આધારકાર્ડ કઢાવવાની કામગીરી વિરમપુર પંચાયતના સેવાભાવી તલાટી કીરણ વડગામા દ્વારા ચાલુ કરવામાં આવતાં ટ્રાયબલ વિસ્તારના લોકોમાં આનંદ છવાયો છે. બનાસકાંઠા જિલ્લાના ટ્રાયબલ વિસ્તાર ગણાતા અમીરગઢ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલા વિરમપુરમાં સમાજસેવા તરીકે પંકાયેલા બનાસકાંઠા તલાટી કર્મચારી મંડળના પુર્વ પ્રમુખ કીરણ વડગામાના કાર્યને જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા પણ બિરદાવવામાં આવી રહ્યું છે. ગરીબ, વિધવા, વૃધ્ધ, વિકલાંગ સહીતના લોકોને વિરમપુર પંચાયતમાં જ સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવીકે વિધવા પેન્શન, આયુષ્યમાન કાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ, વિજળી વગરના લોકોને વિજળી અપાવવા, રેશનકાર્ડ ન ધરાવતા લોકોની યાદી બનાવી, બીપીએલ લાભાર્થીઓની યાદી, આધારકાર્ડમાં કેટલા બાકી, ગંભીર બિમારીથી પીડાતા લોકો કેટલા, ગામદીઠ દિવ્યાંગ કેટલા, કુંવરબાઈનું મામેરા માટેના લાભાર્થીઓ, એ.પી.એલ.માથી બી.પી.એલ. કરાવવાની યાદી, ગામેગામ કેટલા લગ્ન થયા તેની યાદી, લગ્ન નોંધણી રજીસ્ટ્રેર મુજબના લગ્ન થયેલાંની યાદી, વૃદ્ધ સહાય, વયવંદના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના સહીત સરકારની ૨૧ યોજનાઓના લાભ અપાવવા માટેની યાદી તૈયાર કરીને લાભાર્થીઓને એક પણ કચેરીએ ગયા વગર ઘરે બેઠા સરકારીની યોજનાઓનો લાભ અપાવવા માટેની કામગીરી વિરપુર પંચાયતમાં કરાતાં ટાઢોડી, ચિકણવાસ અને વિરમપુરના લોકો પંચાયતમાં ઉમટી પડે છે. આમ લોકો ઉપયોગી કાર્યો કરવા બદલ વિરમપુર પંથકમાં સેવાભાવી તલાટી કીરણ વડગામાની સુવાસ વિરમપુર પંથકમાં ફેલાઈ રહી છે.

અરવલ્લી શ્રી સરસ્વતી વિદ્યાલય રમાસ તાલુકો બાયડનું ગૌરવ

બાયડ, તા. ૨૮

ધનસુરા મુકામે યોજાયેલ ૭૧મા પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણીમાં શ્રી સરસ્વતી વિદ્યાલય રમાસ તાલુકો બાયડ જિલ્લો અરવલ્લીના યુવા પ્રિન્સીપાલ ઉન્મેશભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં અરવલ્લી જિલ્લા તથા ગુજરાત કક્ષાએ

શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે પસંદગી પામી નેશનલ કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા બદલ તેમજ શિક્ષણની ગુણવત્તા સુધારણા અને શાળાના વિકાસ માટે પ્રશંસનીય પ્રયત્નો કરી શિક્ષક સમાજ માટે માર્ગદર્શનરૂપ બનવા બદલ અરવલ્લી જિલ્લા કલેકટર કચેરી મોડાસા અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે પ્રશસ્તિ પત્ર આપીને રાજ્યકક્ષાના મંત્રી કુમાર કાનાણી સાહેબની ઉપસ્થિતિમાં, જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પરમારના હસ્તે સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવતા શાળા પરિવારમાં તેમજ રમાસ ગામમાં આનંદ છવાયો હતો.

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં બાઈકની ચોરી

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં છેલ્લા કેટલાક સમયથી વારંવાર ચોરી થઈ રહી છે ત્યારે ફરી એકવાર બાઈક ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા છે. ધનસુરાની ઓમકાર ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા પરમાર રામભાઈ ડાયાભાઈ નવાખેડા ગામની બાઈકની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. તેઓની બાઈકનું લોક તોડી બાઈકની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. છેલ્લા કેટલાક સમયથી ધનસુરામાં વારંવાર ચોરીઓ થઈ રહી છે જેનાથી વેપારીઓ અને લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

લવ જેહાદ મામલો ડીસા ધારાસભ્ય તેમજ વિવિધ સંગઠન દ્વારા કોલેજ પ્રશાસન સાથે બેઠક

ડીસામાં લવ જેહાદ મુદ્દે થયેલ ફરિયાદ અનુસંધાને સોમવારે ડીસા ધારાસભ્ય, એબીવીપી અને વિવિધ હિન્દૂ સગઠનો દ્વારા ડી.એન. પી. આર્ટસ અને કોમર્સ કોલેજ પ્રશાસન સાથે બેઠક કરી કોલેજની સિક્યુરિટી વ્યવસ્થા મજબૂત કરવા માટે તાકીદ કરી હતી.

ડીસામાં બે દિવસ અગાઉ પગલે પોલીસે ગણતરીના કલાકોમાં એ લઘુમતી યુવકની ધરપકડ પણ કરી હતી જોકે ભોગ બનનાર યુવતી ડીસાની કોલેજમાં અભ્યાસ કરતી હતી અને તે દરમિયાન કોલેજ માં અભ્યાસ ન કરતો હોવા છતાં આ યુવક કોલેજ અવાર નવાર આવતો હતો અને તે દરમિયાન તે આ યુવકના સમ્પર્ક માં આવી હતી. સંગઠનો અને એબીવીપીના કાર્યકરો ડીસા કોલેજમાં રજુઆત માટે પહોંચ્યા હતા જ્યાં કોલેજ નિયામક છગનભાઈ પટેલ , પ્રિન્સિપાલ રાજુભાઇ રબારી , સહિત પ્રોફેસરો જોડે બેઠક કરી આ પ્રવૃતિને નાથવા કોલેજની સિક્યુરિટી મજબૂત કરવા ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ફરજીયાત આઈ કાર્ડ

હિન્દૂ યુવતીને લઘુમતી યુવક દ્વારા પ્રેમજાળમાં ફસાવી ધર્મ પરિવર્તન કરાવવાની પ્રવૃતિ ઉજાગર થતા આ મામલે પીડિત યુવતી દ્વારા ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદ ના

ડીસાની કોલેજમાં લાંબા સમયથી બિન અધિકૃત રીતે અનેક આવારા યુવકો ફરતા હોવાની ચોંકાવનારી વિગતો પણ બહાર આવતા આ મામલે ધારાસભ્ય શશીકાંત પંડ્યા, વિવિધ હિન્દૂ તેમજ વધુ સીસીટીવી કેમેરા મૂકી કોલેજની વિધાર્થીનીઓની સુરક્ષાની બાબત ઉપર ખાસ ભાર મુક્યો હતો તેમજ ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તેની પણ તાકીદ કરવામાં આવી હતી.

વડગામના રૂપાલથી છાપી રોડના કામમાં

ખેડૂતોની કપાત થતી જમીનના નાણા ન મળતા ઉચ્ચ કક્ષાએ રજૂઆત

કોન્ટ્રાક્ટરે રોડની સાઇડોનું કામ ખેતર માલિકોને કોઈપણ જાતની જાણ કર્યા સિવાય ચાલુ કર્યું હોવાની રાવ

વડગામના રૂપાલથી છાપી રોડના કામમાં ખેડૂતોની કપાત થતી જમીન નાણા ન મળતા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. ત્યારે કોન્ટ્રાક્ટરે રોડની સાઇડનું કામ ખેતર માલિકોને કોઈપણ જાતની જાણ કર્યા સિવાય ચાલુ કરતા ખેડૂતોને ઉભા પાકોનું મોટું નુકસાન થયું છતાં રોડ બનાવનાર આંખ આડા કાન કરી રહ્યા છે.

વડગામ તાલુકાના રૂપાલથી છાપી રોડ કરવાનું કામ ચાલી રહ્યું છે. ત્યારે મોડું કરવા માટે ખેડૂતોને જે ખેતરની જમીન જાય છે તે જમીનના ખેડૂતોને જમીન સંપાદનના હજી સુધી કોઇ પણ પ્રકારના નાણાં મળ્યા નથી. તો બીજી બાજુના કોન્ટ્રાક્ટર દ્વારા રોડની સાઈડ પહોળી કરવા માટે ખેતર માલિકોને કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય સાઈડો ખોદવાનું કામ ચાલુ કરતા ખેડૂતોના ઉભા પાકને મોટું નુકસાન થયું છે અને ખેતર માલિકોએ આ અંગે કોન્ટ્રાક્ટને જાણ કરતા કોન્ટ્રાક્ટર આંખ આડા કાન કરી રહ્યા છે. ત્યારે વરસડા ગામના નિવૃત્ત અરજદાર ભીખાભાઈ ધનરાજભાઇ પટેલ અને બીજા ગામના તેમની સાથે ૧૦ ખેડૂતોને રોડ પહોળો થતા જમીન સંપાદનના નાણાં લેવા અને ખેડૂતોને જાણ કર્યા વગર ખોદકામ કરવા બાબતે કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલાં ભરવા લોકોએ સાથે મળી ઉચ્ચકક્ષાએ લેખિત રજૂઆત કરી છે અને લેખિત અરજીમાં જણાવ્યું હતું કે રોડ કેટલા મીટર પહોળો કરવો અને સંપાદનની કાર્યવાહી કરવામાં આવેલ છે કે નહિ તેની પણ ખેડૂતોને કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવી નથી અને રોડના અધિકારીઓ દ્વારા ખેડૂતોની કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર દૂધનું કામ કઈ રીતે જ શરૂ કરવામાં આવ્યું કે ખેડૂતોને જમીનનું વળતર આપ્યા સિવાય કઈ રીતે રોડનું કામ શરૂ કરી શકાય નહીં છતાં પણ કોન્ટ્રાક્ટરે મનસ્વી પણે રોડનું કામ શરૂ કર્યું છે જેને લઈ ખેતરમાં ઉભા પાકને મોટુ નુકશાન થયું છે. જેને લઈ વરસડા ગામના નિવૃત્ત મામલતદાર ભીખાભાઈ પટેલ અને ૧૦ જેટલા ખેડૂતોએ રોડ ખાતું, સી.એમ. ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆતો કરી છે અને જણાવ્યું હતું કે જ્યાં સુધી અમે જમીન સંપાદનના નાણાં નહીં મળે અને રોડના કોન્ટ્રાક્ટરે અમારા ઉભા પાકને નુકસાન પહોંચાડયું છે જેનુ વળતર નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

અમદાવાદમાં પાટીદાર પટેલ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યાજોશે

ગાંધીનગર, તા. ૨૮

પટેલ સમાજ અમદાવાદ દ્વારા સમસ્ત ગુજરાત રાજ્યમાં વસતા પાટીદાર પટેલના સંતાનો માટે જીવનસાથી પસંદગી મેળો અમદાવાદ મુકામે તા. ૩ થી ૨૯ ફેબ્રુઆરી સુધી સવારે ૧૦ થી ૧૨ સાંજે ૪ થી ૬ સુધી યોજાશે. પસંદગી મેળો વિશ્વકર્મા સોસાયટી એફ-૧ પેટ્રોલપંપ સામે જોધપુર ચાર રસ્તા સેટેલાઈટ અમદાવાદ ખાતે યોજાશે. અર્જુનભાઈ લીંબાસીયા મો. નં. ૯૯૨૪૦૨૩૩૪૪ પર સંપર્ક કરવો.

પસંદગી મેળામાં રી-મેરેજ, સારીરિક ખોડ-ખાંપણવાળા, ઉચ્ચ અભ્યાસુ, ઓછો અભ્યાસવાળા સામાજિક મોભાવાળા પણ ભાગ લેશે. પસંદગી મિલનનુ આયોજન વિનામૂલ્યે કરવામાં આવેલ છે.

ચંદ્રાલામાં પ્રજાસત્તાક દિને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સુક્રિષ્ના સાર્વજનિક ટ્રસ્ટ તથા ગુજરાત સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે ચંદ્રાલા પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિને દેશભક્તિ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આચાર્ય જગતસિંહ ચૌહાણ, અતિથિ વિશેષપદે પ્રમુખ રીતેશભાઈ ભટ્ટ, ડૉ. દિલીપભાઈ જાદવ, અનિરૂદ્ધ ગજ્જર તથા પંચાયત સદસ્ય, કીર્તિભાઈ ઠાકોર, ગામના અગ્રણીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ઓપન એર થિયેટર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

થિયેટરને અનુલક્ષી સ્ટેજ , ગ્રીન રૂમ, કમ્પાઉન્ડ વોલ, ફેન્સીંગ , બગીચા તેમજ સંપ સહીતની લાઈટીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના અંતે ઓપન એર થિયેટરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો સહીત અન્ય સમારંભોનુ આયોજન પણ થઈ શકે પરંતુ લાંબા સમયના અંતે પણ ઓપન એર થિયેટર કાર્યક્રમના આયોજકોની પસંદગી બની શક્યુ નથી. ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ રૂ ૫ર લાખનો ખર્ચ કરાયો છે. જયારે અનેક રજુઆતોના અંતે આ થિયેટર લગ્ન સમારંભના આયોજન માટે પણ ભાડેથી આપવા નિર્ણય લેવાયો હતો. જયારે ઓપન એર થિયેટરના ભાડા પેટે પણ રૂ ૧૦ હજાર વસુલવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ઓપન એર થિયેટરમાં માંડ ૫૦ જેટલા કાર્યક્રમો થયા છે. જેના લીધે ઓપન એર થિયેટરનો આખો પ્રોજેક્ટ નિષ્ફળ પુરવાર થયો છે. જયારે હવે આ થિયેટર કોર્પોરેશનને સોંપી દેવાશે. ત્યારે કોર્પોરેશન ઓપન એર થિયેટર સાચા અર્થમાં લોકઉપયોગી બને તે દિશામાં નવતર આયોજન કરશે તેવી આશા બંધાઇ છે.

૧૦ દિવસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઉપસ્થિત રહીને તેમને પ્રેરણા આપી હતી અને રાજકિય પ્રહારોની સાથે પડોશી રાષ્ટ્રને પણ ચિમકી આપી હતી કે ભારતનું સૈન્ય બળ એટલું મજબૂત અને કૂનેહ રણનીતિ ધરાવે છે કે પાકિસ્તાનને હરાવવામાં ૧૦-૧૨ દિવસથી વધારે સમય નહીં લે. તેમણે કહ્યું હતું કે આપણે જાણીએ છીએ કે આપણા પડોશી દેશ આપણી સાથે ત્રણ વખત લડાઈ હારી ચુક્યા છે. આપણા સશસ્ત્ર દળોએ તેમને હરાવવા ૧૦-૧૨ દિવસથી વધારે સમય નહીં લાગે. તેઓ દાયકાઓથી ભારતની સામે પરોક્ષ યુદ્ધ(પ્રોક્સી વોર) લડી રહ્યાં છે. જેમાં હજારોની સંખ્યામાં નાગરિકો, જવાનોએ જીવ ગુમાવ્યો છે. પાકિસ્તાન ભારતની સૈન્ય તાકાત જાણે છે. તેથી તે ભારતની સામે સીધા યુધ્ધમાં ઉતરે તો ભારત વધુમાં વધુ ૧૦થી ૧૨ દિવસમાં જ પાકિસ્તાને ધૂળ ચાટતું કરી દે તેમ છે. તેથી ભારતની સામે પ્રોક્સી વોર એટલે કે આતંકવાદને ભડકાવીને પરોક્ષ યુધ્ધ લડી રહ્યું છે છતાં તે ભારતની સામે ફાવી નહીં શકે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારતના અભિન્ન અંગ સમાન જમ્મુ-કાશ્મીર માટેની અનુચ્છેદ-૩૭૦ હંગામી હતી, માટે તેને દૂર કરવામાં આવી છે. કાશ્મીરના કેટલાક લોકો-પરિવારો તેના પર પોતાના અંગત રાજકિય હિતો ખાતર રાજકારણ કરતા રહ્યાં છે, ભારતના તિરંગા રાષ્ટ્રધ્વજનું અપમાન થતું રહ્યું અને તેઓ ફક્ત પોતાની મતબેંક જ જોતા હતા. ૭૦ વર્ષ બાદ કાશ્મીરમાંથી ૩૭૦ કલમ હટાવવામાં આવી છે, તે અમારી જવાબદારી હતી.

તેમણે કહ્યું કે પાકિસ્તાન આપણી સામે કોઈ પણ રીતે યુદ્ધમાં જીતી શકે તેમ નથી, માટે તેણે દેશમાં બોમ્બ વિસ્ફોટ અને આતંકવાદી હુમલા કર્યા. ભારત માતાનું લોહી વહેતુ રહ્યું, પણ જ્યારે સેના એક્શન માટે તૈયાર હતી ત્યારે તેને ના પાડવામાં આવતી હતી. આજે યુવા વિચાર છે. ભારત આગળ વધી રહ્યો છે. આજની સરકારમાં આતંકવાદીઓને તેમના ઘરમાં જઈને જવાબ આપવામાં આવી રહ્યાં છે. આપણે જમ્મુ-કાશ્મીરમાં અલગાવવાદ તથા આતંકવાદને ખતમ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ અને તેને ઉખાડી ફેકીશું જ તેમાં કોઈ બેમત નથી.

બિમારી ઈલાજ ન થાય તો તે ગંભીર બની જાય છે એમ કહીને વડાપ્રધાને કહ્યું કે અગાઉ ચારેય તરફ આતંદવાદી હુમલા, અલગાવવાદીઓના વિરોધ પ્રદર્શનો, હિંસા, રાષ્ટ્રધ્વજનું અપમાન અને ભ્રષ્ટાચારના સમાચાર આવતા હતા. આપણે આ માટે તૈયાર ન હતા. કોઈ બિમારીનો ઈલાજ કરવામાં ન આવે તો તે ગંભીર સ્વરૂપ ધારણ કરી લે છે. અમે સમસ્યાઓને હળવાશથી લઈ શકીએ નહીં.

શરજીલ ઈમામ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બનાવવામાં આવી હતી. આ પાંચ ટીમો દ્વારા ઉત્તરપ્રદેશ, બિહાર, મણિપુર અને અરૂણાચલ પ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આખરે તેને પકડી પાડવામાં આવ્યો છે. કેટલાક રાજ્યોમાં કેસ દાખલ કરવામાં આવ્યા બાદ શરજીલની ધરપકડ કરવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી હતી. દરમિયાન શરજીલના ભાઈની બિહારમાંથી ધરપકડ કરી લેવામાં આવી હતી. દિલ્હીના શાહીન બાગમાં નાગરિક સુધારા કાનુનની સામે થઈ રહેલા વિરોધ પ્રદર્શનના કોઓર્ડીનેટર શરજીલ પર સકંજો પોલીસ દ્વારા મજબુત કરવામાં આવ્યો હતો. એનઆઈએની ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં દરોડા પાડવામાં આવી રહ્યા હતા. બીજી બાજુ શરજીલની ધરપડ કરવા માટે પોલીસ ઉપર દબાણ આવી રહ્યું હતું. પોલીસે બિહારના જેહાનાબાદ જિલ્લામાં સ્થિત તેના આવાસ ઉપર દરોડા પાડ્યા હતા. જેહાનાબાદ પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, કેન્દ્રીય તપાસ સંસ્થા એનઆઈએની ટીમે શરજીલની ધરપકડ માટે જેહાનાબાદના કાકો સ્થિત આવાસ ઉપર દરોડા પાડ્યા છે.

પ્રસ્તાવ અંગે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સમ્માન કરવાની સલાહ પણ આપી છે. તેમણે આગળ લખ્યું છે કે, ઈન્ટર પાર્લિયામેન્ટ્રી યુનિયનનો સભ્ય હોવાના કારણે આપણે એકબીજાના સાર્વભૌમત્વનું સમ્માન કરવું જોઈએ, ખાસ કરીને લોકશાહીમાં. આ સંદર્ભે હું તમને પ્રસ્તાવિત ઠરાવ પર પુનર્વિચાર માટે ભલામણ કરું છું મને વિશ્વાસ છે કે, આપણામાંથી કોઈ ખોટુ ઉદાહરણ રજૂ નહી કરે.

૧૫ ટોઈલેટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મુલાકાતીઓ માટે ગુંગળામણનુ કારણ બને છે. પાટનગર યોજના ભવનમાં ભીતો પરનો કલર પણ ઉખડી ગયો છે. જયારે કેટલાક ઠેકાણે પ્લાલ્ટરના પોપડા પણ ઉખડતા ઈંટો દેખાય છે. ભવનના બિલ્ડીંગમાં કેટલીક બારીઓ પણ તુટેલી છે. જયારે વર્ષો પુર્વે પાટનગર યોજના ભવનના વિવિધ ડીવિઝનની કચેરીઓને કોર્પોરેટ લુક આપવા માટે પાર્ટીશન બેઈઝ ફર્નિચર કરવામાં આવ્યુ હતુ પરંતુ એસી પેટર્નની આ ડિઝાઈન પણ કર્મચારીઓ માટે શિરદર્દ સમાન બની છે. આવા સંજોગોમાં હાલ ભવનમાં જરૂરીર ઠેકાણે થિગડા મારવા માટે રીનોવેશનનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે.

જો કે આ દરમિયાન પાટનગર યોજના ભવનના વિવિધ બ્લોકમાં સ્થિત ૧૫ જેટલા ટોઈલેટ બ્લોકનુ નવિનીકરણ કરવા માટે પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત કેટલાક ઠેકાણે કલર , પ્લાસ્ટર તેમજ બારીનુ પણ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૪૪ કરોડનો ખર્ચ કરાશે.પાટનગર યોજના ભવનમાં જ સફાઈ વ્યવસ્થા ખાડે ગઈ છે. જેના લીધે અસહ્ય ગંદકીથી ત્રસ્ત મુલાકાતીઓ ઘણીવાર ભવનની મુલાકાત લેવાનુ ટાળે છે. ત્યારે આ ભવનની યોગ્ય સફાઈ માટે પણ વ્યવસ્થા કરવામાં આવે તે અનિવાર્ય છે.